'ભગવાન મહાવીરની ધર્મકથાઓ' અને 'ભગવાન મહાવીરના દશ ઉપાસકો'

રમણીક શાહ

૧. ભગવાન મહાવીરની ધર્મકથાઓ (નાયધમ્મકહા)
અનુ. પં. બેચરદાસ દોશી, પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા–૩,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. આ. ૧ (૧૯૩૧) આ. ૨ (૧૯૫૦)

૨. ભગવાન મહાવીરના દશ ઉપાસકો (ઉવાસગદસાઓ)
અનુ. પં. બેચરદાસ દોશી, પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા–૪,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. આ. ૧ (૧૯૩૧)

ભગવાન મહાવીરના મૌલિક ધર્મોપદેશની સંકલના કરી તેમના ગણધરોએ જે વિવિધ સૂત્રોરૂપે ગૂંથણી કરી તે બાર ગ્રંથો દ્વાદશાંગી કે ગણિપિટક તરીકે ઓળખાય છે. આ દ્વાદશાંગીનું અંતિમ 'દૃષ્ટિવાદ' નામક અંગ લુપ્ત થયેલ છે. બાકીના અગિયાર અંગ ગ્રંથો અને બીજા પણ મહત્ત્વપૂર્ણ પ્રાચીન જૈન ગ્રંથોનો અનુવાદ ગુજરાતી ભાષામાં તજ્જ્ઞો પાસે કરાવી પ્રકાશિત કરાવવાનું કાર્ય ગૂજરાત વિદ્યાપીઠે આજથી લગભગ પચાસ વર્ષ પૂર્વે ઉપાડયું હતું. પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા નામે પ્રકાશિત થયેલી આ અનુવાદ ગ્રંથોની શ્રેણીમાં સૌ પ્રથમ ઈ. સ. ૧૯૩૧માં પં. બેચરદાસજીએ અનુવાદિત કરેલ છઠ્ઠા અને સાતમા અંગ ગ્રંથો 'નાયધમ્મકહા' અને 'ઉવાસગદસાઓ' ક્રમે 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ' અને 'ભગવાન મહાવીરના દસ ઉપાસકો' એ નામે પ્રકાશિત થયેલા.

કથાઓ, દૃષ્ટાંતો, સુભાષિતો અને મહાપુરુષોના જીવનપ્રસંગોનો દરેક કાળના ધર્મના સ્થાપકો તથા અન્ય ધર્મપ્રચારકો કે ધર્માચાર્યો ધર્મોપદેશના એક આકર્ષક સાધન તરીકે ઉપયોગ કરતા આવ્યા છે. વેદથી લઈને આજ સુધીના ભારતીય ધાર્મિક સાહિત્યમાં નજર નાખીએ કે ભારત બહાર પ્રવર્તેલા ખ્રિસ્તી–મુસ્લિમ વ. ધર્મોના ધર્મગ્રંથોમાં નજર નાખીએ તો ધર્મોપદેશ માટે રચાયેલી અનેક કથાઓ આપણું ધ્યાન ખેંચશે. ભારતનું પ્રાચીન કથાસાહિત્ય તો બોધક ધાર્મિક સાહિત્ય જ છે. મહાભારત અને રામાયણ એનાં જ્વલંત દૃષ્ટાંતો છે. બૌદ્ધ ધર્મમાં બોધકથાઓ રૂપે જાતક કથાઓનું સ્થાન અદ્વિતીય છે. ભગવાન મહાવીરે પણ પોતાનો ધર્મસંદેશ સામાન્ય જનોને પહોંચાડવા જેમ જનભાષાનું આલંબન લીધું હતું તેવી જ રીતે એ સંદેશ સામાન્ય જનોનાં હૃદયમાં ઉતારવા કથાઓ–દષ્ટાંતો–સુભાષિતો આદિનો આશ્રય લીધો હતો. જ્ઞાતાધર્મકથા અને ઉત્તરાધ્યયનસૂત્ર જેવા ગ્રંથો ભગવાન મહાવીરની આવી કથનાત્મક વ્યાખ્યાનશૈલીના સુંદર ઉદાહરણો છે.

સમગ્ર જૈન સાહિત્યનું પ્રાચીનોએ વિષયની દૃષ્ટિએ ચાર વિભાગો – અનુયોગોમાં વિભાજન કર્યું છે ૧. ચરણકરણાનુયોગ–જેમાં આચારવિષયક સાહિત્યનો સમાવેશ થાય છે. ૨. ધર્મકથાનુયોગ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમાં બોધક કથાઓ, ચરિત્રો આદિનો સમાવેશ થાય છે. ૩. ગણિતાનુયોગ—જેમાં ગણિત-જ્યોતિષ આદિ વિષયક સાહિત્યનો સમાવેશ થાય છે અને ૪. દ્રવ્યાનુયોગ-જેમાં દર્શનવિષયક સાહિત્યનો સમાવેશ થાય છે. આમ ધર્મકથાનુયોગરૂપે એક સમગ્ર વિભાગનું નિરૂપણ કર્યું છે જે દર્શાવે છે, કે જૈન સાહિત્યમાં ધર્મકથાનું કેટલું મહત્ત્વપૂર્ણ સ્થાન હતું.

જ્ઞાતાધર્મકથા અને ઉપાસકદશા આ બન્ને ગ્રંથો ઉપરોક્ત ધર્મકથાનુયોગના પ્રાચીનતમ ગ્રંથો ગણી શકાય. વળી એ બન્ને ભગવાન મહાવીરના ઉપદેશ અને જીવન સાથે સંકળાયેલા છે. બન્નેનું વિષયવસ્તુ ક્રમે જોઈએ—

નાયધમ્મકહા (સં. જ્ઞાતાધર્મકથા અથવા જ્ઞાતૃધર્મકથા)ના નામની સમજૂતી બે રીતે આપી શકાય. એક તો જ્ઞાત એટલે દૃષ્ટાંતો કે ઉદાહરણો અને ધર્મકથાઓ — એ બન્ને જેમાં છે તે જ્ઞાત-ધર્મકથા. બીજી સમજૂતી પંડિતજીએ આપેલ નામ મુજબ જ્ઞાતૃ કે જ્ઞાતા એટલે મહાવીર અને તેમણે કહેલી ધર્મકથાઓ એટલે જ્ઞાતૃ કે જ્ઞાતાધર્મકથા. બંને અહીં સરખી રીતે ઘટાવી શકાય છે.

જ્ઞાતાધર્મકથા અથવા ભગવાન મહાવીરની ધર્મકથાઓના બે શ્રુતસ્કંધ એટલે કે ભાગ છે. પહેલા શ્રુતસ્કંધમાં ૧૯ અધ્યયનોમાં નાનીમોટી ૧૯ કથાઓ કે દૃષ્ટાંતો આપેલાં છે. આમાં શ્રમણજીવનના આવશ્યક ગુણો જેવાં કે સમભાવ અને સહનશક્તિ કેળવવા શા માટે જરૂરી છે અને કેમ કેળવવા એને લગતી ત્રણ કથાઓ (૧લી પગ ઊંચો કર્યો, ૧૧ મી દાવદ્રવના ઝાડ અને ૧૭ મી ઘોડા), શ્રમણોએ સાવધાન રહી, અપ્રમત્તપણે માત્ર શરીરના પોષણને માટે જ આહાર-સેવન કરવું એને લગતી ત્રણ કથાઓ (૨જી બે સાથે બાંધ્યા, ૪ થી બે કાચબા, ૧૮ મી સુંસુમા), અહિંસા આદિ મૂળ ગુણોમાં શંકા ન કરવાનો ઉપદેશ આપતી બે કથાઓ (૩ જી બે ઈંડા, ૯ મી માકંદી), આચારની શિથિલતાથી થતા અનર્થ વિશે એક કથા (૫ મી શૈલક ઋષિ), આત્માની ઉન્નતિ અને અધોગતિના કારણો આપતું દૃષ્ટાંત (૬ ઠ્ઠું અધ્યયન-તુંબડું), શ્રમણોને યોગ્ય ગુણોની સમજૂતી આપતી બે કથાઓ (૭ રોહિણી, ૧૦ ચંદ્રમા), સ્ત્રીજીવનમાં ચરમ આત્મોન્નતિની શક્યતા દર્શાવતી મલ્લિની કથા (૮ મલ્લિ), સદાચાર અને ગૃહસ્થ ધર્મ દર્શાવતી એક કથા (૧૨ પાણી), આસક્તિ અને અના-સક્તિ વિષે ૪ કથાઓ (૧૩ દેડકો, ૧૪ અમાત્ય તેયલિ, ૧૫ નંદીફળ અને ૧૬—અવરકંકા-દ્રૌપદીની કથા). આમ મોટા ભાગે શ્રમણોના જીવનમાં ઉપયોગી ગુણો અને તે કેળવવા માટેનો બોધ આપતી કથાઓ કોઈ રૂપક, દૃષ્ટાંત કે કથાનક દ્વારા આપવા ધારેલો બોધ સહજ રીતે આપી દે છે.

બીજા શ્રુતસ્કંધમાં સ્ત્રીઓ દ્વારા સંયમપાલનની શિથિલતા અને તેના માઠાં પરિણામો વિશે એક જ સરખી અનેક કથાઓ આપવામાં આવી છે.

'ઉવાસગદસાઓ'નો અનુવાદ પંડિતજીએ 'ભગવાન મહાવીરના દશ ઉપાસકો' એ શીર્ષક તળે આપ્યો છે. પ્રાકૃત 'ઉવાસગ' એટલે 'ઉપાસક'. પ્રાચીન સમયમાં ગૃહસ્થ ધર્માનુયાયીને માટે ઉપાસક શબ્દ વપરાતો. બૌદ્ધોમાં પણ એ જ શબ્દ એ જ અર્થમાં વપરાયેલ છે. પછીના સમયમાં ઉપાસકને માટે શ્રાવક શબ્દ પ્રચલિત થયો, જે અત્યારે પણ વપરાશમાં છે.

'ઉવાસગદસાઓ' અથવા 'ભગવાન મહાવીરના દશ ઉપાસકો'માં ભગવાનના અનુયાયી એવા દશ ઉપાસકો (શ્રાવકો કે ગૃહસ્થો)ના જીવનની ધાર્મિક બાજુની ઝાંખી કરાવવામાં આવી છે. પ્રવ્રજિત થઈને જેઓ સંસાર ત્યાગી શકે નહીં અથવા જે ગૃહસ્થજીવન છોડયા વિના પણ ધર્મમય આચરણ કરવા માગતા હોય તેમને માટે જૈન ધર્મમાં સ્થૂળવ્રતોની યોજના છે. અહિંસા, સત્ય આદિ મહાવ્રતોનું મર્યાદિત પાલન તે સ્થૂળવ્રત. આવાં પાંચ સ્થૂળવ્રતોની સાથે જ ગૃહસ્થજીવનના ભોગોપભોગને મર્યા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિત કરતા બીજા શિક્ષાદિ વ્રતો જોડીને ગૃહસ્થના બાર વ્રતો નિશ્ચિત કરવામાં આવ્યા છે. અહીં આવા ગ્રહસ્થવ્રત પાળનારા આનંદ આદિ દશ શ્રાવકોના આદર્શ જીવન દર્શાવાયાં છે. આ દશે દશ ઉપાસકો ખૂબ જ સમૃદ્ધિશાળી અને વ્યવહારકુશળ વૈશ્યો અને તત્કાલીન સમાજના પ્રતિષ્ઠિત નાગરિકો છે. મહાવીરના અનુયાયી બની તેઓ ગૃહસ્થના વ્રતો અંગીકાર કરે છે, તેમાં તેમને વિઘ્નો નડે છે છતાં નિશ્ચળ રહે છે અને ઉત્તરોત્તર વધુ ધર્માભિમુખ બને છે. એમનાં ઉદાહરણ આપી ભગવાન મહાવીર પોતાના શ્રમણ સમુદાયને દઢતામાં એમને અનુસરવાની સલાહ આપે છે.

આ મૂળ અંગ ગ્રંથો આર્ષ પ્રાકૃત એટલે કે અર્ધમાગધીમાં અને વિશિષ્ટ શૈલીમાં રચાયેલાં છે. 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ'ની પ્રસ્તાવનામાં કાકાસાહેબ કાલેલકરે સ્પષ્ટ કર્યું છે તેમ અનુવાદનો ઉદ્દેશ મૂળ ગ્રંથ આગળ રાખી તે શીખવામાં વિદ્યાર્થીઓને મદદ થાય તેવો નથી, પણ સામાન્ય વાચકોને જૈન આગમમાં આવેલી વસ્તુ પ્રામાણિક અનુવાદમાં જ સીધી રીતે મળી શકે તેવો છે. આથી અહીં મૂળનો શબ્દશઃ અનુવાદ આપવામાં નથી આવ્યો. આગમ ગ્રંથોમાં અત્રતત્ર અનેક વસ્તુનું પુનરાવર્તન થયાં કરે છે. વળી ભગવાન મહાવીર, આર્ય સુધર્મા, પરિષદ, ધર્મદેશના, રાજાઓ રાણીઓ, સાર્થવાહો, ઉપાસક-ઉપાસિકાઓ, ચૈત્ય, નગર, દીક્ષા, કળાગ્રહણ આદિ અનેક વિષયો જ્યાં જ્યાં આવે ત્યાં તદ્દન એકસરખું જ વર્ણન આપી દેવામાં આવે છે. મોટા ભાગે આવા રૂઢ વર્ણનો જે વર્ણકો તરીકે ઓળખાય છે – ના આદિઅંતના બેત્રણ શબ્દો મૂકી બાકીનું વર્ણન 'વણ્ણઓ' એટલે કે પૂર્વવર્ણન પ્રમાણે એવી સૂચના આપી છોડી દેવાય છે. આ અનુવાદમાં આવા વારંવાર આવતા વર્ણનોને ટાળવામાં આવ્યા છે તથા પુનરાવર્તિત લાગતી કે પીષ્ટપેષણરૂપ લાગતી સામગ્રીનો અનુવાદ નથી કરવામાં આવ્યો. આમ આ અનુવાદ ભાવાનુવાદ છે. મૂળ ગ્રંથનો આશય સ્પષ્ટ થાય, મૂળની કોઈ આવશ્યક વિગત રહી ન જાય અને અર્થતત્ત્વની પ્રામાણિકતાને આંચ ન આવે તથા કથાની સળંગસૂત્રતા જોખમાય નહીં તેની ઝીણવટભરી કાળજી લઈ પંડિતજીએ આ અનુવાદ તૈયાર કર્યો છે.

બન્ને ગ્રંથોમાં મૂળ સૂત્રમાં આવતા ઐતિહાસિક અને ભૌગોલિક નામો તથા જૈન આચારના પારિભાષિક શબ્દો ઉપર તુલનાત્મક ટિપ્પણ પરિશિષ્ટરૂપે આપવામાં આવેલ છે. તથા અંતે અનુવાદમાં વપરાયેલ કઠિન શબ્દોનો કોશ આપવામાં આવેલ છે. જે સામાન્ય વાચકને માટે પણ અનુવાદને સમજવાનું તદ્દન સરળ બનાવે છે. ટિપ્પણમાં આપેલી ઐતિહાસિક-ભૌગોલિક સામગ્રી પંડિતજીની વેધક તુલનાત્મક દૃષ્ટિની પરિચાયક છે અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસીઓને માટે મબલખ માહિતી પૂરી પાડે છે.

આજથી પચાસ વર્ષ પૂર્વે 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ'ની પ્રસ્તાવનામાં કાકાસાહેબે પ્રસ્તુત અનુવાદ અને અનુવાદક વિશે લખ્યું છે—

'આવા ગ્રંથોને લીધે જૈન આગમોનું મૌલિક અધ્યયન વધે અને આખા સમાજમાં ધર્મચર્ચા અને ધર્મજાગૃતિને ચલન મળે એવી અપેક્ષા રાખેલી છે. અને એટલા જ ખાતર, જેમણે આખો જમાનો જૈન ધર્મશાસ્ત્રોના અધ્યયન પાછળ ગાળ્યો છે એવા પંડિત બેચરદાસની આ અનુવાદ માટે યોજના કરી છે. મૂળ શાસ્ત્રો પ્રત્યે અનન્ય શ્રદ્ધા અને સાંપ્રદાયિક સંકુચિતતાનો અભાવ આ બે ગુણોને લીધે તેમનું કામ હંમેશ આદરણીય ગણાયું છે.'

આ શબ્દો અત્યારના સંદર્ભમાં પણ એટલા જ સાચા છે.

પ્રસ્તુત બન્ને ગ્રંથો વર્ષોથી અપ્રાપ્ય છે. બન્નેનું પુનર્મુદ્રણ થાય તે આવશ્યક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org